

ગાંધીનગર સમાચાર

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

બહુમતિના જોરે, ન્યાય-કાયદાને રમાડે છે,
ખુશામત આદતી રાષ્ટ્રપતિ પણ રવાડે છે,
ભવાડે છે લોકશાહી વિધિવત ચૂંટાયા છતાં -
હાથે કરીને 'એ' આબરૂને છાપરે ચડાવે છે!
('રાષ્ટ્રપતિ કંઈ રાજા નથી')

હાઈકુ

ઈર્ષા ની આગ,
બાળે યુનિવર્સિટીઓ -
શિક્ષણ ભસ્મ !!

સત્તા નાં ગીધો,
સમાધાન મડદું -
પીંખે પટેલો...

ચિંતન

કામી, ક્રોધી, લાલચી, ઈનતે ભક્તિ ન હોય,
ભક્તિ કરૈ કોઈ સૂરમા, જાતિ બરન કુલ ખોય.

ભક્તિ કરવી એટલે ખાંડાની ધારા પર ચાલવું. જરાક ગફલત થાય તો સાપ-સીડીની રમત જેમ નીચે આવી જવાય. કામ, ક્રોધ, લાલચ અજગરના મોઢા જેવા છે. તેમાં ઝડપાયા તો તે આખા જ ગળી જાય છે. આથી કબીર માને છે કે તેઓ ભક્તિ કરી શકતા નથી. ભક્તિ માટે શૂરવીર હોવું જરુરી છે. ઈન્દ્રિયો પર અને તેની વિકૃતિઓ પર વિજય મેળવે તે વીર છે. કામના કારણે આવેગયુક્ત વાસના જન્મે છે. તેને નિયંત્રિત ન કરીએ તો તેનાં માઠાં પરિણામો આવે છે. ક્રોધ તો અગ્નિ સમાન છે. તેના કારણે સંબંધો ભસ્મીભૂત થઈ જાય છે. વિવેક પણ ચૂકી જવાય છે. લાલચ બૂરી ચીજ છે. તે માણસને મજબૂર બનાવે છે. સંતોષથી મળતું સુખ છીનવાઈ જાય છે. ભક્તિમાં ઐક્યભાવ જરુરી છે. તેથી જાતિ, વર્ણ કે કુળનું કોઈ મહત્ત્વ નથી. આ તો માણસ માણસ વચ્ચેની અભેદ્ય દિવાલ ચણે છે. આપણા દેશની પીછેહઠમાં સામાજિક વિષમતા અને ઉચ્ચ-નીચના ભેદભાવ જવાબદાર છે. રાજયનાં બંધારણ સમાનતાની બાંયધરી આપે છે. પણ વાસ્તવિકતા જુદી છે. તું નાનો હું મોટો એવો જગતનો ખ્યાલ છે ખોટો.

સુવિચાર

- અન્યાય સહન કરવો એ શરમાવા જેવું છે,
  પણ કોઈને અન્યાય કરવો એ વધારે શરમાવા જેવું છે - **પ્લેટો**
- અન્યાય સહન કરવો પ્રમાણમાં એ સહેલું છે, જે ડંખે છે એ તો ન્યાય છે - **હેન્રી વિલીયમ્સ**
- જીંદગીમાં એટલો સંઘર્ષ તો કરી જ લેવો કે આપણા બાળકોનો આત્મવિશ્વાસ વધારવા માટે બીજાનાં દાખલા ન આપવા પડે - **ફેસબુક**
- પથ્થર કો ઈસ લીયે પૂજને લગે હૈં લોગ,
  ક્યું કી ભરોસે કે લાયક અબ લોગ નહીં મીલતે - **જાવેદ અખ્તર**
- તમારા પિતાનાં કપાળની કરચલીઓને કારણે
  તમારા શરીર પર કરચલી વગરનાં કપડાં છે - **ચંદ્રેશ પ્રજાપતિ**
- વગર ચોપડીએ જે શીખવાડી જાય છે એને જીંદગી કહે છે - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : મુખ દુર્ગંધ દૂર કરવા દાડમની છાલને પાણીમાં ઉકાળી તેના કોગળા કરવા.

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

આપણા આયોજકો, સરકાર, તંત્ર સમાજની સાચી સમસ્યા શુ છે અને તેનો ઉપાય કયાં છે એ શોધી નથી શકતી પરિણામે આંધળી દોટ કર્યા કરે નિશાળનું ઉદ્ઘાટન કરવા જાય ત્યાં યુનિવર્સિટી સ્થાપવાની જાહેરાત કરે ને રેલવે સ્ટેશને જાય તો બૂલેટ ને ગતિમાન દોડાવે - 'વિકાસ' ની ધાર પણ 'રામમંદિર'ની જેમ ઘસાવા લાગી છે. લોકો દુષ્કાળમાં ભીંસાય છે.

મેળામાંથી એક અભણ માતાએ પોતાના બાળકને 'નગારું' ખરીદી આપ્યું... બાળકને કેવી વસ્તુ ખરીદી અપાય કે ન અપાય એમાં શિક્ષિત વાલીઓ પણ માર ખાઈ જાય છે. છોકરું રાત-દિવસ નગારું ઠોક-ઠોક કરી આખા મહોલ્લાની શાંતિ પીંખી નાખી. લોકો થાક્યાં-કંટાળ્યાં-બધા ઉપાય વિચારવા લાગ્યા.

બાળક સમજાવ્યો સમજે નહીં. કોઈએ કાનમાં પૂમડાં નાખવા કહ્યું- કોઈએ બાળકને વાર્તાની ચોપડી આપી. કોઈએ કાનના પરદાની બીક બતાવી. કોઈએ ધ્યાન-જાપની સલાહ આપી - પણ છોકરું કોઈનું કંઈ માને જ નહીં.

એક એના જેવા જ નટખટ મિત્રએ ઉપાય શોધવાનું બીડું ઝડપ્યું. નાની હથોડી લઈને એ છોકરા પાસે ગયો અને કહ્યું આમાંથી અવાજ નીકળે છે એ આવે છે કયાંથી? આ હથોડીથી ખોલીને જરા જો તો ખરો ? ... અને અવાજ બંધ થઈ ગયો. સમસ્યાને ઓળખી એનો ઈલાજ કરો.

ઉત્તરાખંડ કેન્દ્રને મોઘું પડશે

તંત્રીસ્થાનેથી...

આખરે નૈનીતાલ હાઈકોર્ટે કેન્દ્ર સરકારનું નામ કાપીને અપશુકન કરાવ્યા છે. ઉત્તરાખંડમાં કેન્દ્ર સરકારે ચૂંટાયેલી સરકારને દેખીતી રીતે રાજકીય કિન્નાખોરી દાખવીને હટાવી દીધી અને અનુકૂળતાએ ભાજપની સરકાર બનાવવા માટેની પૂર્વ તૈયારી સ્વરુપે રાષ્ટ્રપતિ શાસન લાદી દઈ ચૂંટાયેલી સરકારના મુખ્યમંત્રીને વિધાનસભામાં વિશ્વાસનો મત મેળવવાની તક સુદ્ધાં ઝૂંટવી લીધી એથી ઉત્તરાખંડ હાઈકોર્ટને કઠોર પગલું ભરવાની ફરજ પડી છે. હાઈકોર્ટે કોંગ્રેસની હરીશ રાવતના નેતૃત્ત્વવાળી સરકારને પુનઃસ્થાપિત કરવાનો અને રાષ્ટ્રપતિ શાસન ઉઠાવી લેવાનો આદેશ આપ્યો છે તથા ૨૯ એપ્રિલ સુધી હરીશ રાવતને બહુમતી પુરવાર કરવાનો આદેશ આપ્યો છે. એની સામે કેન્દ્ર સુપ્રીમ કોર્ટમાં દાદ માગી હાઈકોર્ટના ચુકાદાને રદ બાતલ ઠેરવવા પેરવી કરી રહ્યું છે, આમ, લોકશાહીની લડાઈ હવે અદાલતના આંગણે પહોંચી ગઈ છે. કદાચ સુપ્રીમ કોર્ટ નૈનીતાલ હાઈકોર્ટના ચુકાદાને નિરસ્ત કરે અને કેન્દ્રનાં પગલાંને ઉચિત ઠેરવે તો પણ દેશ અને દુનિયામાં કેન્દ્ર સરકારની કિન્નાખોરી વિશે તો નકારાત્મક મોજું ફરી જ વળ્યું છે. હરીશ રાવત બહુમતી ધરાવતા પક્ષના નેતા છે અને પ્રોગ્રેસીવ ડેમોક્રેટિક ફંડના કેટલાક અપક્ષ અને બહુમજન સમાજ પાર્ટીના ધારાસભ્યોનો ટેકો ધરાવતા હોઈ આજની તારીખે પણ એમની પાસે ૭૦ સદસ્યો ધરાવતી વિધાનસભામાં જરુરી બહુમતી છે જ. સ્પીકરે બરતરફ કરેલા કોંગ્રેસના વિદ્રોહી ધારાસભ્યોને કેન્દ્રના ઈશારે ભાજપ દ્વારા પોતાના ટેકામાં લઈ વૈકલ્પિક સરકાર બનાવવાની તૈયારી રાખી હતી, પરંતુ નૈનીતાલ હોઈકોર્ટે આ ધારાસભ્યોના 'પાપે' જ લોકશાહીની આબરૂના ધજાગરા ઊડી રહ્યા હોવાનું કડક નિરીક્ષણ કર્યું છે. એમને વિધાનસભામાં મતદાન કરવાનો અધિકાર રહેશે તો કદાચ હરીશ રાવત બહુમતી સાબિત નહીં કરી શકે, કારણ કે એ સંજોગોમાં પક્ષપલટું કોંગ્રેસી નેતા સતપાલ મહારાજના ચાર ટેકેદારો પણ કોંગ્રેસમાંથી બળવો કરી ભાજપ સાથે બેસી જવાની શક્યતા છે. પરંતુ એવી સ્થિતિ સરજાશે તો પણ આબરૂ તો કેન્દ્ર સરકારની અને ભાજપની જ ઓછી થશે, કારણ કે દુનિયા આખી આંખો ફાડીને જોઈ રહી છે કે પ્રજાએ જેમને કોંગ્રસના ઉમેદવારો તરીકે ચૂંટી મોકલાવ્યા હતા તેવા સત્તાલાલચુઓ કેન્દ્રના ઈશારે પ્રજાદ્રોહ કરીને ભાજપની સરકાર બનાવવા મદદ કરી રહ્યા છે. કોંગ્રેસની અરૂણાચલ સરકારને આ જ રીતરસમથી ગબડાવવામાં સફળ થયેલી ભારતીય જનતા પાર્ટી માટે ઉત્તરાખંડમાં એ જ રાજરમત બૂમરેંગ થઈ રહી છે. અદાલતો પણ પ્રજા સાથે કરાઈ રહેલ આવા દ્રોહને જોઈને ચૂપ બેસી રહેવાને બદલે પ્રૉ-ઍક્ટિવ બની રહી છે. નરેન્દ્ર મોદીને હવે પ્રજા નિઃસ્વાર્થ દેશભક્ત નેતા કરતાં સવિશેષ સત્તાભૂખ્યા એકહથ્થું શાસનકર્તાનાં સ્વરુપમાં જોતી થઈ જશે, જેનાં વિપરીત પરિણામ ભારતીય જનતા પાર્ટીને આગામી અન્ય રાજયોની વિધાનસભાની ચૂંટણીઓમાં ભોગવવા પડે તો નવાઈ નહીં. અત્યારે જયારે પશ્ચિમ બંગાળ અને તમિલનાડુ જેવા મોટા રાજયોમાં વિધાનસભાની ચૂંટણીમાં તમામ તાકાત કામે લગાડી નરેન્દ્ર મોદી એમનું વજૂદ સિદ્ધ કરવા મથી રહ્યા છે ત્યારે નૈનીતાલ હાઈકોર્ટનો ઐતિહાસિક ચુકાદો એમને ભારે પડશે.

સંતાનોના ઉજજવળ ભવિષ્ય માટે સંઘર્ષ, સ્વાશ્રય, સ્વાવલંબી જેવી કડવી દવાઓ મા-બાપે કઠોર બનીને પિવડાવવી જ રહી

એમ જીવતરમાં છે આંસુની જગા
જેમ ભોજનમાં અથાણું હોય.
- સ્નેહી પરમાર

સરેરાશ મા-બાપનુ મંતવ્ય ને ઈચ્છા : અમારા ઘરમાં તો દીકરા-દીકરીઓને કંઈજ કરવાનું નઈ. કચરા-પોતુ, વાસણને રસોઈ માટે બાઈ રાખી છે. જમ્યા પછી થાળીયે ઊંચકવાની નઈ. સંતાનોને સુખી કરવાના બધાજ પ્રયત્નો અમે કરીએ છીએ! બાઈક ખરીદી છે એટલે ચાલવાનું નઈ. મોંઘો આઈફોન અપાવ્યો છે એટલે બીજી કોઈ તકલીફ પડવાની નઈ.

મહાભારતમાં દ્રૌપદીને જેટલી તકલીફ પડી એટલી તકલીફ ભાગ્યેજ કોઈ સ્ત્રીને પડી હોય! દ્રૌપદીએ જે દુઃખ અને અપમાન સહન કર્યા તે કદાચ ભાગ્યેજ કોઈ સ્ત્રીએ અનુભવ્યા હોય! વનવાસ દરમિયાન નદી, પર્વત, જંગલો ખૂંદતા દ્રૌપદી કયારેક કોઈ ઋષિને પૂછે છે કે "અરે, અમારા જેટલી તકલીફ કયારેય કોઈએ સહન કરી હશે ?" તો ઋષિ જવાબ આપે છે "હા, સીતાએ પણ આવી તકલીફ સહન કરવી પડી હતી."

સમસ્યા વગરનું જીવન શકય છે? મુશ્કેલી વગરનું ઘર હોઈ શકે? જીવનમાં જો સંઘર્ષ ન હોય તો તે જીવન કહેવાય ખરું?

ભગાવન કૃષ્ણએ ગીતામાં ગાયું છે - પ્રત્યવાયોન વિધ્યતે! મુશ્કેલી, એ મુશ્કેલી છે જ નહિ; જયાં સુધી તમે તેને મુશ્કેલી તરીકે સ્વીકારતાં નથી.

હસતા મુખે રાજયાભિષેક છોડીને વનની વાટ પકડનાર રામ એટલે જ મર્યાદા પુરુષોત્તમ કહેવાયા. પોતે મુશ્કેલી વહોરી લઈને અન્યોને શાતા પહોંચાડવાનું કાર્ય તો રામ જ કરી શકે.

આજના મા-બાપ પોતાના સંતાનો ને સ્હેજ પણ તકલીફ ન પડે તેનું પૂરતું ધ્યાન રાખતા હોય છે. જયાં ચાલીને જઈ શકાય તેવું હોય ત્યાં બાઈક આપે છે અને જયાં એકલો જઈ શકે તેમ હોય ત્યાં પોતે તેની સાથે જાય છે. સંતાનો જાતે કંઈજ કરી નહિ શકે તેવી સંપૂર્ણ ખાતરી સાથે મા-બાપ જીવતા હોય છે.

"અમને જે તકલીફો પડી તે અમારા સંતાનોને ન પડે તે માટે બધું જ કરી છૂટીએ છીએ." ગૌરવભેર પોતાના મિત્ર વર્તુળમાં આ વાકય ફટકારતાં હોય છે. અમે જે અછત ભોગવી, અમે જે દુઃખોનો સામનો કર્યો. એ ઘટના અમારા સંતાનો પર પુનરાવર્તિત ન થાય તે માટે મા-બાપ આકાશ-પાતાળ એક કરતાં હોય છે. મા-બાપ સમજે છે અને જાણે છે કે તેઓ જે પોઝીશન પર આજે પહોંચ્યાં છે તે સમસ્યા વગર શકય નહોતું. સંઘર્ષ વગરની સફળતા કયારેય સંભવી શકે નહીં. પોતે ઘણી જ મુશ્કેલી વેઠીને સમાજમાં એક સ્ટેટસ પ્રાપ્ત કર્યું છે. છતાં પોતાના સંતાનને સ્હેજ પણ મુશ્કેલી ન પડે અને ઉત્તમ નોકરી અને વ્યવસાય મળી રહે તેવું વિરોધાભાસી વલણ મા-બાપ સેવે છે તે વર્તમાન સમાજની કરૂણતા છે.

વર્ષો પહેલાં એક પ્રસંગ વાંચેલો : એક બાળક કહે છે પપ્પા, પપ્પા મેં આજે એક સારું કામ કર્યુ. પપ્પા કહે શું? બાળકે કહ્યું, પપ્પા આપણા ઘરની પાછળના વરંડામાં ચકલીનું બચ્ચું ઈંડામાંથી બહાર નિકળતું મેં જોયું. પપ્પા : પછી? બાળકે કહ્યું, ઈંડામાંથી બહાર નિકળતા તેને નહોંતું આવડતું. તેને ખૂબ મુશ્કેલી પડતી હતી. માત્ર ચાંચ અને ડોકું જ ઈંડામાંથી બહાર નિકળી શકયું. મને દયા આવી અને મેં બચ્ચાંને ઈંડામાંથી બહાર નિકળવામાં મદદ કરી. પપ્પાથી બોલાઈ ગયું , અરે બેટા, આ તેં શું કર્યું ? અને નિસાસો નાખતા બોલ્યાં : "હવે તે બચ્ચુ કયારેય ઊડી નહિં શકે."

અદબ-પલાંઠી મોં પર આંગળી
ડૉ. સંતોષ દેવકર

આજે કેટલાક માતા-પિતા પોતાના સંતાનોને ઈંડામાંથી બહાર નિકળવામાં ખૂબ મદદ કરતાં હોય છે. તેઓ નથી ઈચ્છતા કે સંતાનો જાતે બહાર આવે, જાતે કરે, જાતે મુશ્કેલીનો સામનો કરે અને સ્વયં નોકરીની શોધ કરે. કૉલેજમાં ભણતાં સંતાનોને દરરોજ ફોન કરીને જમવા વિશે પૂછનારા મા-બાપનો આપણે ત્યાં તોટો નથી. મારા પ્રિય કેળવણીકાર અને મૂછાળીમા ગિજુભાઈ બધેકાએ બાળકોની સાથે સાથે મા-બાપોને પણ ભણાવવાનો આગ્રહ રાખેલો.

પોતાના સંતાનોને પરાવલંબી બનાવવામાં મા-બાપનો ફાળો નાનો સુનો નથી. સંઘર્ષવિહિન જીવન માટે થતા પ્રયત્નો અંતે તો નિષ્ફળતામાં પરિણમે છે. કયાંય નોકરી કે વ્યવસાયમાં સેટ ન થઈ શકનારા સંતાનો ભણી ગણીને મા-બાપને પુરસ્કાર સ્વરૂપે એક વાકય સંભળાવતા હોય છે કે - "તમે (મા-બાપે) અમારા માટે શું કર્યું?" આગળ જતાં આવા સંતાનો મા-બાપ માટે

અનુસંધાન પાના નં. ૭ પર

બાપુ અને બાબાસાહેબની અલગ છતાં સહિયારી સામાજિક લડાઈ

૧૯૪૭માં દેશની આઝાદી અને ત્યારબાદ પ્રજાસત્તાક રાષ્ટ્ર એવા ભારતની વાત આવે ત્યારે મો.ક. ગાંધી અને બી.આર. આંબેડકરની કામગીરીને યાદ કરવી પડે. મહાત્મા ગાંધી રાષ્ટ્રીય આંદોલનની સાથે અસ્પૃશ્યતા નાબૂદી, જ્ઞાતિ-પેટા જ્ઞાતિના ભેદોને મિટાવીને સ્વરાજ પ્રાપ્તિની વાત મૂકતા હતા તો બાબાસાહેબ પહેલા અસ્પૃશ્યતા દૂર કરો અને દલિતોને હિન્દુઓની બરાબરીનો દરજ્જો આપો પછી જ આઝાદી હાંસલ કરો એવો દૃઢ અભિપ્રાય આપતા હતા. સરદાર પટેલે પણ ૧૯૩૧ના કોંગ્રેસ અધિવેશનમાં ભારપૂર્વક કહ્યું હતું કે, 'જો આપણે અસ્પૃશ્યતા વહેલી તકે દૂર કરી હોત તો આઝાદીનું ધ્યેય વહેલાં હાંસલ કરી શક્યા હોત. આમ સરદાર સાહેબે અને બાબાસાહેબ પણ પૂ. બાપુની જેમ એસ્પૃશ્યતા નિવારણ અર્થે બહુ સ્પષ્ટ હતા. બાપુ અને બાબાસાહેબ આમ જોઈએ તો અસ્પૃશ્યતાની સામાજિક બદી સામે અલગ અલગ રીતે પણ સહિયારી સામાજિક લડાઈના અગ્રેસર હતા.'

મહાત્મા ગાંધી અસ્પૃશ્યતા થકી વ્યાપેલા સામાજિક બહિષ્કારને ઉપરછલ્લા કે અધકચરા ઉપચારને બદલે સંપૂર્ણ રીતે અસ્પૃશ્યતા નિવારણ ભારતીય સમાજમાં સ્વીકૃત બને એના પ્રયાસો કરતા હતા. આશ્રયની સ્થાપના હોય કે રાષ્ટ્રીય કેળવણી અસ્પૃશ્યતાને જાકારો તેમની લડતના કેન્દ્રમાં હતું.

અસ્પૃશ્યતા નાબૂદી થકી સ્વરાજ બંનેનો જીવનમંત્ર હતો

આમ તો ગાંધીના સ્વભાવમાં જ પ્રેમ અને કરુણા ઉતરેલી હતી. કોઈ શબ્દના ઉપયોગ સામે જો કોઈ એમ સુચવે કે આ શબ્દ વાપરવા સામે તિરસ્કારયુક્ત જણાય છે તો એ શબ્દ તેઓ ફરીવાર નહીં લખવાનું વલણ અપનાવતા હતા પરંતુ એ શબ્દ વાપરવા બાબતે સ્પષ્ટ પણ થતા હતા. ૧૯૩૦માં નવજીવનમાં લખેલા એક લેખ સંબંધે પાલિતાણાથી એક પત્ર લેખકે લખ્યું હતું કે 'હજામ શબ્દ તિરસ્કાર સૂચક ગણાતો હોવાથી વાળંદ શબ્દ વાપરવો.'

આ પત્રલેખકના સૂચનને સ્વીકારીને નવજીવનમાં વાળંદ શબ્દનો ઉપયોગ કરીશ એમ લખતા ગાંધીજીએ સ્પષ્ટતા કરી હતી કે હજામ શબ્દના ઉપયોગમાં જે તિરસ્કાર રહ્યો છે તે ખરું જોતા ધંધો પરત્વે છે. હજામ શબ્દનો ઉપયોગ જેનો ધંધો વાળ ઉતારવા, કાપવાનો છે તેને વિશે છે. તે ન ગમે તો હું વાળંદ શબ્દનો જ ઉપયોગ કરીશ. પરંતુ તેથી મુખ્ય રોગનું નિવારણ થતું નથી એવો મારો દૃઢ અભિપ્રાય છે. જે છે આવશ્યક પણ મેલું સાફ કરનારા ધંધા છે તે ધંધા પ્રત્યેનો અણગમો દૂર કરવો એ જ ખરો ઉપાય છે, પછી નામ ગમે તે વાપરી શકાય. વ્યક્તિગત કે જાહેર સાફસફાઈ, સ્વચ્છતાનું કામ કરીને એવા વ્યવસાયો પ્રત્યેનો અણગમો દૂર કરવો જોઈએ એમ તેઓ કહે છે. બાપુ એક પંક્તિ ટાંકતા સમજણને વધુ વિસ્તૃત બનાવવા પ્રયાસ કરે છે. 'નામ ધરાવે હેતે હરિ, બાળપણામાં જાયે મરી' - તેવી પંક્તિ ટાંકતા પ્રતિપ્રશ્ન વાચકને મૂકે છે, કે આવી સ્થિતિનું આપણે શું કરીશું? કદાચ એ સમયગાળામાં ભગવાનનું નામ જે બાળકોનું પાડવામાં આવતું હશે તેમના પણ બાળ અવસ્થાએ જ અવસાન થઈ જતા હશે. અથવા તો બાલ્યાવસ્થામાં જ મૃત્યુદરનું પ્રમાણ ઊંચુ હોઈ કુટુંબ દ્વારા નવજાત બાળકનું નામ ભગવાનના નામ સાથે જોડવામાં આવતું હશે જેથી બાળકની આવરદા વધી જાય. (જો કે આ લખનારને આ બાબતે સ્પષ્ટ જાણકારી નથી.) પણ જો બાળકને હરિના નામ સાથે જોડવામાં આવે અને તેમ છતાં બાળક મરી જાય તો આપણે હરિ શબ્દનો તિરસ્કાર નહીં કરીએ. એવું સ્પષ્ટ કરતાં ગાંધીજી કહે છે, 'શબ્દોની પ્રતિષ્ઠાની વધઘટ' મનુષ્યની પ્રતિષ્ઠાની જેમ જગતમાં થયા કરે છે અને થયાં કરશે.

બાપુ તે હજામ શબ્દના બદલે 'વાળંદ' શબ્દ વાપરવાના સૂચન સામે પ્રત્યુત્તર વાળતા હતા પરંતુ એમના મનમાં મૂળ તો અસ્પૃશ્ય નાબૂદીનો વિચાર સતત રહેતો હતો એ છાનો રહેતો નથી. બાપુ કહે છે સુધરેલા જમાનામાં તો સૌ પોતપોતાની હજામત કરતાં શીખી રહ્યા છે એટલે સહેજે વાળંદના ધંધામાં રહેલો ડંખ નીકળી જશે; અર્ધોપર્ધો નીકળી તો ગયો છે. મનની વાત કરતાં તેઓ કહ છે 'મારા મનમાં તો વાળંદ, ભંગી, ચમાર, ઢેડ ઈત્યાદિ શબ્દો પ્રત્યે કસો અણગમો નથી રહ્યો. હું પોતે એ બધા ધંધા કરું છું, બીજાઓને પ્રેરું છે, અને તેમ કરવામાં મને આનંદ ઉત્પન્ન થાય છે.'

ગાંધી ૧૦૦
ડૉ. રાજેન્દ્ર જાની

મહાત્મા ગાંધી એ લખ્યું ઘણું છે. કોઈ પત્ર એક લીટીનો પણ હોય અને જયારે સામેવાળાને પૂર્ણ સમજ આપવી હોય અને એ સમજણ વ્યાપક રીતે સામાજિક તરીકે વિકસાવવી હોય ત્યારે લંબાણથી પણ લખતા. ૨૨ ડિસેમ્બર ૧૯૨૯ના 'નવજીવન' માં તેઓ આ રીતે વધુ લખાણ સાથે કહે છે 'આપણે શુદ્ધ સ્વરાજ લેવું છે. આપણામાં ચમાર, વણકર, મોચી ઢેડ ઈત્યાદિ જ્ઞાની ભક્ત થઈ ગયા છે. તો પછી તેમનામાં કોઈ પોતાની સેવાના બળથી રાષ્ટ્રપતિ થાય તો શી નવાઈ છે? આવો ધંધો કરનારા પોતાના આચાર અણિશુદ્ધ રાખી શકે છે, તેમ પોતાની બુદ્ધિ તેજસ્વીની કરી શકે છે. દુઃખ એ છે કે એવા ધંધા કરનારા બુદ્ધિશાળી નીવડે છે ત્યારે તેમને પોતાના ધંધાની શરમ ઉપજે છે અને છેવટે છોડી દે છે. મારી કલ્પનાનો રાષ્ટ્રપતિ વાળંદના કે મોચીના ધંધામાંથી પોતાની આજીવિકા મેળવતો હોય છતાં રાષ્ટ્રનું સુકાન પણ ચલાવી રહ્યો હોય.'

બાપુ આ રીતે કોઈ પણ ધંધા કે વ્યવસાય સાથે સંકળાયેલા ધંધાર્થીઓને સલાહ આપતા કહે છે કે તેમના ધંધા પ્રત્યે સમાજમાં અણગમો છે તે વાત ભૂલી જાય, અને તે ધંધામાં કુશળતા મેળવી પોતાની અને ધંધાની પ્રતિષ્ઠા વધારે.

સંદર્ભ :

૧. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં ડૉ. આંબેડકરની ભૂમિકા; લેખક : પી.એ. પરમાર, પૃ. ૩૫૨

૨. ગાંધીજીનો અક્ષરદેહ-૪૨, નવજીવન પ્રકાશન, પૃ.૩૦૧-૩૦૨

(લેખક - ગુજરાત કોલેજ, અમદાવાદ ખાતે સમાજશાસ્ત્ર વિષયના અધ્યાપક છે.)

સર્જકો-સંશોધકો માટે જરૂરી....

વૃત્તસંચય

- ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને અન્ય પાંચ-સંસ્કૃત, હિન્દી, સિંધી, ઉર્દૂ અને કચ્છી ભાષાના વિવિધ સાહિત્યસ્વરુપો અને ચાર બાળ સાહિત્યનાં સને-૨૦૧૫ દરમિયાન પ્રગટ થયેલાં મૌલિક પુસ્તકોને, શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક આપવામાં આવે છે જેમાં (૧) નવલકથા (૨) ટૂંકી વાર્તા (૩) નાટક - એકાંકી નાટક (૪) હાસ્ય - વ્યંગ - કટાક્ષ (૫) નિબંધ અને પ્રવાસ (૬) કવિતા (૭) વિવેચન (૮) સંશોધન - ભાષાવ્યાકરણ (૯) આત્મકથા-રેખાચિત્ર-પત્ર-જીવનચરિત્ર-સત્યકથા (૧૦) લોકસાહિત્ય (૧૧) અનુવાદ વિભાગનો સમાવેશ થાય છે. આ ઉપરાંત બાળવિભાગમાં (૧) કાવ્ય (૨) વાર્તા (૩) ચરિત્રાદિ (૪) નાટકો.

આ યોજનામાં જે લેખકોને પાંચ પારિતોષિક મળી ચૂક્યા હોય તે ભાગ લઈ શકશે નહીં. આ શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક માટે રસ ધરાવનારે લેખકો/પ્રકાશકોએ પોતાના પુસ્તકની બેનકલ તા. ૩૦-૬-૨૦૧૬ સુધીમાં અકાદમીને વિના મૂલ્યે મોકલવાની રહેશે.

- ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા, ઈતિહાસ, તત્ત્વજ્ઞાન, વિજ્ઞાન, કલા, ભાષાસાહિત્ય, વિવેચન તેમજ સંશોધનને લગતાં સાંસ્કૃતિક ભૂમિકા ધરાવતા ગ્રંથો / અભ્યાસ લેખોને રૂા. ૧૫,૦૦૦ સુધી સહાય આપવામાં આવે છે. જે માટે જરુરી આવેદનપત્ર સાથે હસ્તપ્રતની વ્યવસ્થિત ફાઈલ જરુરી આવેદનપત્ર સાથે હસ્તપ્રતની વ્યવસ્થિત ફાઈલ તા. ૩૦-૬-૨૦૧૬ સુધીમાં અકાદમીને મોકલવાની રહેશે.
- ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા નવોદિત સાહિત્યકારોને, વિવિધ સ્વરુપોમાં લખાયેલી મૌલિકકૃતિઓના પ્રકાશન માટે રૂા. ૧૫૦૦૦ સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે. આ માટે, બે હસ્તપ્રત - વ્યવસ્થિત ફાઈલ કરીને, શિષ્ટ સામયિકોમાં પ્રગટ થયેલ હોય તો તેના ઉલ્લેખ સાથે તા. ૩૦-૬-૨૦૧૬ સુધીમાં અકાદમીને મોકલવાની રહેશે.
- ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી મૌલિક બાળસાહિત્યને પ્રોત્સાહન માટે રૂા. ૫૦૦૦ સુધીની પ્રકાશન સહાય આપવામાં આવે છે; જે માટે એક હસ્તપ્રત જરુરી આવેદન સાથે તા. ૩૦-૬-૨૦૧૬ સુધીમાં રજૂ કરવાની રહેશે.
- અન્ય ભાષામાંથી ગુજરાતી તથા ગુજરાતી ભાષાની ઉત્તમ કૃતિઓ અન્ય ભાષામાં અનુવાદ કરવા અનુવાદકોને પુસ્તક પ્રકાશન માટે રૂા. ૧૫૦૦૦ ની આર્થિક સહાય આપવામાં આવે છે. જે માટે ગુજરાત સાહિત્ય અકાદમીને એક હસ્તપ્રતની વ્યવસ્થિત ફાઈલ હસ્તપ્રતની મૂળ કૃતિ તથા મૂળ લેખકના સંમતિપત્ર સાથે તા. ૩૦-૬.૨૦૧૬ સુધીમાં રજૂ કરવાના રહેશે.
- એમ.ટી.બી. આર્ટ્સ કૉલેજ, સુરત ખાતે, 'આદિવાસી લોકસાહિત્ય એવં સંસ્કૃતિ' પર એક રાષ્ટ્રીય પરિસંવાદ યોજાઈ ગયો. જેમાં હસુ યાજ્ઞિકે 'આદિવાસ લોકસાહિત્યની વિભાવના અને પ્રવાહો' વિશે, ભગવાનદાસ પટેલે 'આદિવાસી લોકસાહિત્ય : સંશોધનના પડકારો' અંગે; ડાહ્યાભાઈ વાઢુએ 'કુકણા રામકથા' બાબતે અને નિરંજન રાજયગુરુએ 'આદિવાસીઓમાં ભક્તિચેતના' વિષય પર વકતવ્યો આપ્યા હતા.
- ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને પી.કે. ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજના સંયુક્ત ઉપક્રમે 'નરસિંહ મહેતા : અધ્યયન અને આસ્વાદ વિષય અંતર્ગત એકદિવસીય પરિસંવાદ યોજાઈ ગયો જેનું ઉદ્ઘાટન જાણીતા કવિ રાજેન્દ્ર શુક્લાના કરકમળથી થયું અને મુખ્ય અતિથિવિશેષ તરીકે કવિ અને અકાદમીના અધ્યક્ષ ભાગ્યેશ જહા ઉપસ્થિત રહ્યા હતા અને આચાર્યા ડૉ. ઊર્મિલાબેન ચૌધરીએ આવકાર્યા હતા. બીજરુપ વકતવ્ય ડૉ. દર્શના ધોળકિયાએ આપ્યું હતું. ડૉ. કીર્તિદા શાહ અને મમતા બુચે વકતવ્યો આપ્યા હતા. બેઠકોનું સંચાલન ડૉ. લીના સ્વાદિયા અને ડૉ. રાકેશ આર. પટેલે કર્યું હતું અને આભારવિધિ પ્રા. મુન્નાબહેન ચૌધરીએ કરી હતી.'

મહર્ષિ અરવિંદ રચિત વિશ્વ પ્રસિદ્ધ મહાકાવ્ય 'સાવિત્રી' પર ડૉ. અશ્વિન કાપડિયાનું વ્યાખ્યાન એચ.કે. કૉલેજ કેમ્પસ, અમદાવાદ ખાતે તા. ૧૮-૪-૨૦૧૬ થી યોજાઈ છે જે તા.૨૪-૪-૨૦૧૬ સુધી ચાલશે. દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના પૂર્વ ઉપકુલપતિ ડૉ. અશ્વિનભાઈ કાપડિયા 'સાવિત્રી' ના આંતરરાષ્ટ્રીય પ્રવક્તા છે; જેમનો મહાકાવ્ય પરનો આ ૪૨૪મો સાવિત્રી જ્ઞાનયજ્ઞ છે.

- ભારતના ઉત્કૃષ્ટ બંધારણના મહાનશિલ્પી સામાજિક ક્રાંતિના મહાનાયક, વંચિતોના મસિહા, વિશ્વવિભૂતિ, રાષ્ટ્રનિર્માતા - રાષ્ટ્રભક્ત, કન્યાશિક્ષણ અને મહિલા ઉત્કર્ષ જયોતના પ્રણેતા અને સ્વતંત્રતા,સમાનતા અને બંધુતાના અમોલ ત્રિ-સૂત્રની વિશ્વને ભેટ અર્પણ કરનાર મહામાનવ - ભારતરત્ન ડૉ. બાબાસાહેબ ભીમરાવ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના ઉજવણી પ્રસંગે માન. મુખ્યમંત્રી આનંદીબેન પટેલની નિશ્રામાં સાત જેટલા એવોર્ડઝ વિવિધકક્ષામાં શ્રેષ્ઠત્તમ પ્રદાન માટે અર્પણ કરવામાં આવ્યા. જેમાં

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

(૧) સર્જનાત્મક દલિત સાહિત્યક્ષેત્રે મહત્ત્વપૂર્ણ યોગદાન માટે ઈશ્વરભાઈ ફૂસાભાઈ પરમાર તથા

(૨) મૂળજીભાઈ વિ. ખુમાણને ડૉ. બાબાસાહેબ આંબેડકર એવોર્ડમાં રૂા. ૧ લાખ અને પ્રશસ્તિપત્ર અપાયા.

(૩) સમાજ કલ્યાણ ક્ષેત્રે વિશિષ્ટ પ્રદાન કરનારા સંસ્થા તરીકે માનવસેવા એજ્યુ. એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટના મનુભાઈ જીવાભાઈ બારોટને મહાત્મા ગાંધી એવોર્ડમાં રૂા. ૧ લાખ અને પ્રશસ્તિપત્ર અપાયા.

(૪) સર્જનાત્મક દલિત સાહિત્યક્ષેત્રે મહત્વપૂર્ણ યોગદાન બદલ શીતલ રવીન્દ્રકુમાર મકવાણાને સાવિત્રીબાઈ ફુલે દલિત મહિલા કલા/સાહિત્ય એવોર્ડ તથા

(૫) દલિત સાહિત્યકાર ડૉ. દિનેશભાઈ એમ. ભદ્રેસરિયાને સંતશ્રી કબીર દલિત સાહિત્યમાં રૂા. ૫૦ હજાર અને પ્રશસ્તિ પત્ર અપાયા હતા.

(૬) ગોવિંદભાઈ એન. પરમારને મહાત્મા ફૂલે શ્રેષ્ઠ દલિત પત્રકાર એવોર્ડ તથા

(૭) લઘરદાસ કે. શ્રીમાળીને દાસીજીવણ શ્રેષ્ઠ દલિત સાહિત્યકૃતિ એવોર્ડથી નવાજી રૂા. ૨૫ હજાર તથા પ્રશસ્તિપત્ર અપાયા હતા. માન. મુખ્યમંત્રીએ એવોર્ડ મેળવનાર વ્યક્તિ વિશેષોને અભિનંદન આપણા જણાવ્યું હતું કે ડૉ. બાબાસાહેબના જીવન આદર્શો, સામાજિક સમરસતા, જાતિપાતિના ભેદભાવથી મુક્ત સમાજ રચના જેવા સામાજિક સુધારા આજે ઉપયુક્ત છે.